Translate From: Gujarati To: English View: Translation Original



**1** Chapters Listed For Topic **"Bill gayabani faith and in action. Qasim (AS) 's martyrdom"** Fo

PDF Download



**Majalisa: 12**

## Bill believed gayabani action and Hazrat Qasim (I) of the martyrd

## Raheem bismillahir rahamanir

*Kalallaho ajhajha ismohu fee of kitabehila phurakanehila Majeed Hameed: "alipha - Lam - Dear j phiha, hodallila muttakinallajhina gayaba yuamenuna bill.*

The book, which I also doubt, the melodies are rahanuma. Gayaba keep up the faith.

The discoveries took place taphasirakaroe gaiba Murad word Apocalypse has been adopted, bu Ants majakura ayatani Satel is prohibited beyond that stated in the bill for co yukenuna - i Apocalypse Murad, thus recount a conversation constantly father is against it phasahatani. appreciate gaibathi Apocalypse. Imam Sadiq jaaphare companies (internet) is prohibited Sat gaeba Then Mohammed (vaalehi wake ups) Murad Murad and ends when it is also the same. Tl Ants are prohibited: hodallila muttakinallajhi - muttaki the Qur'an and the melodies are sexy, mu the Qur'an is not sexy to cover it? The answer is that these discoveries muttakithi dance mov stand in taassuba and is qualified to be sexy and the people that are believed to gaiba companie order, summuna, bukamuna, umyuna , phahuma layarajeuna - bhera the people, and their kno and they will not be able to get sexy, benefits are not revealed anything to him. Learned that o muttaki gaibathi automatic yakina givers and the correct way to implement the Qur'an. Covered from the Daman leaving hasbona kitaballaha kahevavala Qur'an. When it learned of the aya people bring beauty to gaiba Complaints can take advantage of the fact that the Qur'an is the s experience everything there is to see and it can not ever be hasila serate opinion. Because tajarubo maddiyatathi and treaty relationship is ruhaniyyatathi. To date, he could not understan ruhani. Each texture has been called upon to reach the hakikta mumakina was not, then there i produce ruhone bevakuphi What Is It? If the cause can be identified by the owner of the goods.

Islam initially had only three items gaiba, tavahida, accurate, and the Apocalypse, risalata and w products. But the two things gradually disappeared. Even today he is gaeba usule day. The Apocalypse, risalata and can not see going to explode. Therefore, the people who match and po (vaalehi wake ups) kamalata the moajijha and brought his faith, but the faith of those who are concert. **(S)**

મજલીસ : ૧૨

## ઈમાન બીલ ગયબની તફસીર અને જનાબે કાસીમ (અલય્હિસ્સલામ)ની શહાદત

### બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ

*કાલલ્લાહો અઝઝ ઈસ્મોહુ ફી કિતાબેહિલ મજીદે વ ફુરકાનેહિલ હમીદ : "અલીફ - લામ - મિમ ઝાલેકલ કિતાબો લા રયબ ફીહ, હોદલ્લિલ મુત્તકીનલ્લઝીન યુઅમેનુન બિલ ગયબ.*

આ કિતાબ કે જેમાં કાંઈ પણ શક નથી, પરહેઝગારો માટે રહનુમા છે. જે ગયબ ઉપર ઈમાન રાખે છે.

કુરઆને મજીદના તફસીરકારોએ આ આયતમાં ગૈબ શબ્દથી મુરાદ કયામત લીધેલ છે, પણ અહીં એઅતેરાઝ એ પયદા થાય છે કે ખુદાવંદે આલમ મજકુર આયતની આગળ ઈરશાદ ફરમાવે છે કે : વ બિલ આખેરતે હુમ યુકેનુન - એટલે તેઓ આખેરતનું યકીન રાખે છે અને આખેરતથી પણ કયામત મુરાદ છે, આમ એક જ વાતમાં ઘડી ઘડી એક વાતનું બયાન કરવું તે ફસાહતની ખિલાફ છે. તેથી એમ માલુમ પડે છે કે ગૈબથી કયામત મુરાદ નથી. હઝરત ઈમામે જાઅફરે સાદિક (અલય્હિસ્સલામ) ઈરશાદ ફરમાવે છે કે, ગૈબથી ઈમામે ગાએબ કાએમે આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) મુરાદ છે અને એહલેબૈતની તફસીરમાં પણ એજ મુરાદ છે. બીજો એઅતેરાઝ એ થાય છે કે ખુદાવંદે આલમ ફરમાવે છે કે : હોદલ્લિલ મુત્તકીનલ્લઝી - આ કુરઆન મુત્તકી અને પરહેઝગારને માટે હિદાયત છે, જો કે ખુદ મુત્તકી પોતે હિદાયત પામેલો હોય છે. તો શું કુરઆન કાફરો માટે હિદાયત નથી? તેનો જવાબ એ છે કે આ આયતમાં મુત્તકીથી મુરાદ એ લોકો છે કે જે તઅસ્સુબ અને હઠ ધર્મીથી દુર રહી હિદાયત કરવાની લાયકાત રાખે છે અને એ લોકો છે કે જે ઈમામે ગૈબ પર ઈમાન રાખે છે, અને કુફફાર આ આયતના હુકમ પ્રમાણે, સુમ્મુન, બુકમુન, ઉમ્યુન, ફહુમ લાયરજેઉન - એ લોકો બ્હેરા, મુંગા અને આંધળા છે અને પોતાની ગુમરાહીથી હટતા નથી અને તેઓ કુરઆનથી હિદાયત મેળવી નથી શકતા, ન કુરઆન તેને કાંઈ ફાયદો પહોંચાડે છે. આ ઉપરથી એક વાતની ખબર પડી કે ઈમામે ગૈબથી ઈમામતનું યકીન રાખવાવાળા જ મુત્તકી છે અને તે જ સાચી રીતે કુરઆન ઉપર અમલ કરે છે. અને અઈમ્મએ એહલેબૈત (અલય્હેમુસ્સલામ)ના દામનને છોડીને હસ્બોના કિતાબલ્લાહ કહેવાવાળા કુરઆનથી દુર છે. આ આયતની જાહેરી અને બાતેની તફસીરથી એ વાતની ખબર પડી કે જે લોકો ગૈબ પર ઈમાન લાવવાને કાબીલ છે એ જ લોકો કુરઆનથી હકીકતમાં ફાયદો ઉઠાવી શકે છે, પણ જે દરેક વસ્તુને જોવા અને અનુભવવા ચાહે છે તેને કદી સેરાતે મુસ્તકીમ હાસીલ થઈ શકતો નથી. કારણ કે જોવાનો અને તજરૂબો કરવાનો સંબંધ માદ્દિયતથી છે અને મઝહબનો સંબંધ રૂહાનિય્યતથી છે. આજ સુધી દુનિયાના અક્કલમંદો રૂહની હકીકત શું છે તે સમજી ન શક્યા. દરેક પોત પોતાની વાત કહી રહ્યો છે પણ હકિક્ત સુધી પહોંચવું મુમકીન ન થયું, તો પછી જે રૂહોને પેદા કરનાર હોય તેની હકીકતની શોધ કરવી એ બેવકુફી નહીં તો બીજું શું છે? માલિકને તો તેની પેદા કરેલી ચીજો થકી ઓળખી શકાય છે.

ઈસ્લામની શરૂઆતમાં માત્ર ત્રણ ચીજો ગૈબ હતી, તવહીદ, અદલ, અને કયામત, રીસાલત અને ઈમામત એ બે ચીજો જાહેર હતી. પણ ધીરે ધીરે એ બન્ને ચીજો ગાયબ થઈ ગઈ. એટલે સુધી કે આજે કુલ ઉસુલે દિન ગાએબ છે. આ જાહેરી આંખ તવહીદ, અદલ, કયામત, રીસાલત અને ઈમામતને જોઈ શકતી નથી. એટલા માટે એ લોકોના મુકાબલામાં કે જેઓ મોહમ્મદ અને આલે મોહમ્મદ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના મોઅજીઝા અને કમાલાત જોઈને ઈમાન લાવ્યા હતા, પરન્તુ આજે એ પાંચે ચીજો ઉપર જેઓ ઈમાન રાખે છે, તેઓનો સવાબ વધારે છે. **(સલવાત)**

વગર જોએ રીસાલત અને ઈમામત ઉપર ઈમાન રાખવું એ બહુજ મોટી વાત છે. પણ આપણે ગૈબ ઉપર શું ઈમાન રાખીશું? આવો, તમોને આજે ગૈબ ઉપર ઈમાન રાખવાવાળાઓને બતાવું! સલમાન અને ઓવૈસના વિશે તમોએ સાંભળેલું છે. પણ આજે ફકત જનાબે ઓવૈસે કરનીના ઈમાન બિલ ગૈબ ઉપર ઈશારો કરવા ચાહું છું કે જેના વિશે જનાબે રીસાલત મઆબ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) યમનથી તેમની ખુશ્બુ સુંઘતા હતા અને આપ ફરમાવતા હતા કે હું નફસુર રહમાનની ખુશ્બુ સુંઘી રહ્યો છું! તો જનાબે સલમાને અરજ કરી યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)! એ કોણ બુઝુર્ગવાર છે? આપે ફરમાવ્યું કે યમનમાં ઓવૈસે કરની છે તેઓ કયામતમાં એકલા ઉઠશે અને લોકો તેની શફાઅતમાં દાખલ થશે. તમારામાંથી જે એમની મુલાકાત કરે તે મારા સલામ પહોંચાડે! જોયું આપે ઈમાન બીલ ગૈબને? આને ઈમાન બીલ ગૈબ કહે છે, અને ઓવૈસના દિલમાં રિસાલતે મઆબ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની એટલી બધી મોહબ્બત હતી કે જયારે ઓહદની જંગમાં આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ના દાંત શહીદ થયા ત્યારે ઓવૈસને આ વાતની જાણ થઈ તો રસુલ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ)ની મોહબ્બતમાં પોતાના તમામ દાંત તોડી નાંખ્યા! આ હતી સાચી મોહબ્બત, અને એ જ મોહબ્બતના કારણે પોતાની માતાથી રજા માંગી કે અય માદરે ગિરામી! હું પયગમ્બરે ખુદાની ખિદમતમાં જવા ચાહું છું. તેમની માએ કહ્યું : જો આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) ન હોય તો રોકાશો નહીં. જલ્દી ઘરે આવજો. આપ મદીના ગયા. ઈત્તેફાકથી આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) બાહર ગયા હતા. આપ તરત જ ચાલ્યા આવ્યા, કારણ કે માંથી વાયદો કર્યો હતો.

જયારે પયગમ્બરે ઈસ્લામ (સલ્લલ્લાહો અલય્હે વઆલેહિ વસલ્લમ) તશરીફ લાવ્યા તો ઘરની અંદર નુર જોવામાં આવ્યું. પુછ્યું કે : કોણ આવેલ હતું? જવાબ મળ્યો કે યમનથી એક શુતરબાન ઓવૈસ નામનો હતો. હઝરતે ફરમાવ્યું કે હાં, આ ઓવૈસનું જ નૂર છે! જે તોહફા રૂપે રાખી ગયા છે. પયગમ્બરે ખુદાના ઘરને ઓવૈસનું નૂર નુરાની કેમ ન કરે? અરે, ઓવૈસ એવી ઈબાદત કરવાવાળા હતા કે કોઈ રાત રૂકુઅમાં પસાર કરી દેતા અને કહેતા કે આ રૂકુઅવાળી રાત છે, કોઈ શબ સજદામાં પસાર કરતા અને કહેતા કે આ સજદાની રાત છે! સવાલ કરવાવાળાએ સવાલ કર્યો કે, અય

ઓવૈસ! એક જ હાલતમાં સવાર કરી દો છો, એવી તાકાત કયાંથી મળી? જવાબ આપ્યો કે અફસોસ તો મને એ વાતનો છે કે રાત ઘણી જ ટૂંકી છે, જો અજલથી અબદ સુધી રાત હોત તો એકજ સજદામાં તમામ કરત!

આ એજ ઓવૈસે કરની છે કે, જેઓએ જંગે બસરામાં જનાબે અમીર (અલય્હિસ્સલામ)નો સાથ આપ્યો અને જંગે સિફફીનમાં હઝરતની રિફાકતમાં શહીદ થયા.

દોસ્તો ઈમાનની ખરી ક્સોટી કરબલામાં થઈ, જેઓ ઈમાનમાં સાચા હતા તેઓએ ઈમામને સાથ આપ્યો અને જયારે ઈમામે શબે આશુર ફરમાવ્યું કે, ભાઈઓ! કાલે જે મારી સાથે હશે એ કતલ થશે. આ રાતનો પડદો પડેલો છે, જેને જવું હોય તે ચાલ્યા જાય. એ વખતે ફરઝંદે રસુલને દુશ્મનોમાં છોડીને જવાવાળા ચાલ્યા ગયા, એ જ બાકી રહ્યા કે જે ઈમાન ઉપર મક્કમ હતા, પછી ઈમામ (અલય્હિસ્સલામ)મે બની હાશમને ફરમાવ્યું કે તમો પણ ચાલ્યા જાઓ. આ લોકો મારા ખૂનના તરસ્યા છે. પછી હઝરતે બધાય દસ બાર વરસના બચ્ચાંઓને ભેગા કર્યા અને ફરમાવ્યું કે અંધારામાં આ જંગલમાંથી ચાલ્યા જાવ. આ સાંભળી જનાબે હસને મુજતબા (અલય્હિસ્સલામ)ના સાહેબઝાદા જનાબે કાસિમ (અલય્હિસ્સલામ) આગળ વધ્યા અને અરજ કરી: સય્યદના કૈફ નોખલ્લેક - અય અમારા સરદાર! અમો આપને કેવી રીતે છોડીને ચાલ્યા જઈએ! ઈમામ (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું: બેટા કાસિમ! શું મૌતથી નથી ડરતા? શેહઝાદાએ અરજ કરી, અલ કત્લો બયન યદયકલી અહલા મેનલ અસલે - ચચાજાન! આપના કદમોમાં શહીદ થવું મધથી વધારે મીઠું છે.

જનાબે કાસિમ (અલય્હિસ્સલામ) હજુ બાલીગ થયા ન હતા. બાર અથવા તેર વરસની વય હતી. આપ ઈમામ (અલય્હિસ્સલામ)ની ખિદમતમાં ઈજાઝત ચાહે તો ઈમામ કેમ રજા આપે? જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)મે ઈમામ (અલય્હિસ્સલામ)ના ગળામાં બન્ને હાથ નાખી દીધા અને બન્ને જણ એટલું બધું રડયા કે, બેહોશ થઈ ગયા. આપે ફરમાવ્યું : બેટા કાસિમ! તું મારા ભાઈની નિશાની છો, તારા ઉપર જેહાદ વાજીબ નથી.

હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) જેહાદની રજા આપતા ન હતા. જનાબે કાસિમ (અલય્હિસ્સલામ) કયારેક કાકાના હાથ ચુમતા હતા, કયારેક પગને બોસો દેતા હતા. મેદાનમાં જવા માટે બેતાબ હતા.

બીજી રીવાયત પ્રમાણે કાકા ભત્રીજામાં વાતો થઈ રહી હતી કે, ખૈમામાં કોઈના રડવાની અવાઝ આવી. ઈમામે મઝલુમે પુછ્યું કે, કોણ રોવે છે? કોઈએ જવાબ આપ્યો કે, ઉમ્મે ફરવા રડી રહ્યા છે. આ સાંભળી આપ ખૈમામાં તશરીફ લાવ્યા અને પૂછયું કે ભાભીજાન! આટલું બધુ શા માટે રડો છો? અરજ કરી કે અય ફરઝંદે રસૂલ! શું બેવાની ઓલાદ એ લાયક નથી કે દીને ખુદાનો ફિદયો બને? યબ્ન રસૂલિલ્લાહ! જો આપે કાસિમને જંગની રજા ન આપી તો રોઝે હશ્ર મને આપના પીદરે બુઝુર્ગવાર અને માદરે આલી વેકાર તેમજ આપના ભાઈ સામે બહુજ શરમીંદગી થશે. યબ્ન રસૂલિલ્લાહ! ખુદાના વાસ્તે કાસિમને ન રોકો, નહીં તો મારૂ જીવવું ભારે થઈ પડશે.


છેવટે જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)ને બહુજ મુશ્કીલથી રજા મળી અને હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ)મે કફનની જેમ પોતાના હાથે કપડા પહેરાવ્યા. પહેલાં પહેરણ પહેરાવ્યું અને ગીરેબાનને ફાડી નાખ્યું અને માથા ઉપર જેવી રીતે મય્યતને અમામો બાંધે છે તેવી રીતે અમામો બાંધ્યો. હાથમાં તલવાર આપી ઘોડા ઉપર સવાર કર્યા. અઝાદારો! જનાબે કાસિમ એટલા કમસિન હતા કે, ઘોડા ઉપર હઝરતે પોતે સવાર કર્યા અને ફરમાવ્યું : બેટા, ખુદા હાફિઝ!

રિવાયતમાં છે કે, જનાબે કાસિમ જયારે મેદાનમાં આવ્યા ત્યારે બખ્તર પણ પહેર્યું ન હતું અને જોડાની દોરી પણ ટુટેલી હતી, જયારે આ ચાંદનો ટુકડો મેદાનમાં આવ્યો તે વખતે આપની વય જોઈને લશ્કરને ખ્યાલ પણ ન હતો કે આ બાળક લડશે! રજઝ પડવા પછી આપે કેટલાકને જહન્નમ વાસીલ કર્યા. લશ્કરને વેરવિખેર કરી ચચાની ખિદમતમાં આવ્યા અને અરજ કરી : "યા અમ્માહો! અલ્અતશ, અલ્અતશ! પણ ગરીબ મઝલુમ આકા શું જવાબ આપે? હઝરતે એક વીંટી જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)ને આપી અને કહ્યું : બેટા! આને મોંઢામાં રાખો, શાયદ તસ્કીન થાય. આપે વીંટી મોંમાં રાખી. જયારે આપ મેદાનમાં જવા લાગ્યા તો ઈમામ (અલય્હિસ્સલામ)મે ફરમાવ્યું કે : બેટા કાસિમ! જરા બેવા માની પાસે જાઓ કે તમારી જુદાઈમાં તડપી રહેલ છે. જયારે જનાબે કાસિમ ખૈમાની નઝદીક પહોંચ્યા તો રડવાની અવાઝ આવી કે : "યા કાસિમો ફારકતની વકદતાર મિન ફેરાકેક અન અયનિલ કોરા - અય બેટા કાસિમ! જીવો છો કે મરી ગયા? પરદેસમાં આ માને છોડીને કયાં ચાલ્યા ગયા? આ સાંભળીને જનાબે કાસિમ (અલય્હિસ્સલામ) રોવા લાગ્યા. ઉમ્મે ફરવાએ બેટાની સુરત જોઈ તેની આસપાસ ફરવા લાગ્યા. જનાબે કાસિમે કહ્યું કે : અય મા! સબ્ર કરો જે કાંઈ તકદીરમાં લખ્યું હશે તે થશે. માને સમજાવીને જનાબે કાસિમ (અલય્હિસ્સલામ) મેદાનમાં તશરીફ લાવ્યા. અઝાદારો! કમસીનીનો આલમ, ત્રણ દિવસની ભુખ અને તરસ, ઈરાકની સખ્ત ગરમી. કયાં સુધી લડી શકે? એક મલાઈને પાછળથી આવી એવી જોરથી તલવાર મારી કે, આપે અવાઝ આપી : "યા ઉમ્માહો અદરિકની! અરે! આ અવાઝ સાંભળીને હઝરત ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) દોડયા અને કાતિલ ઉપર હુમલો કર્યો અને લશ્કર વેરવિખેર થઈ ગયું. યઝીદના લશ્કરના ઘોડાના ટાપોથી જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)ની લાશ પામાલ થવા લાગી. આપે ફરી અવાઝ આપી. "યા ઉમ્માહો અદરિકની, યા ઉમ્માહો અદરિકની ઈમામે હુસૈન (અલય્હિસ્સલામ) જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)ની પાસે ગયા. જોયું તો એડિયો રગડી રહ્યા છે. જનાબે કાસિમની લાશ પામાલ જોઈને ઈમામ (અલય્હિસ્સલામ) રોવા લાગ્યા અને ફરમાવ્યું કે : **"યા બોનય્ય કતલલ્લાહો કવમન કતલુક** - બેટા કાસિમ! અલ્લાહ કતલ કરે એ કૌમને કે, જેણે તને કતલ કર્યો. અરે! તારા કાકા ઉપર બહુ જ દુશવાર છે કે, તું મદદના માટે પોકારે અને હું મદદ ન કરી શકું. અય બેટા કાસિમ! અરે, તારી આવી હાલત જોવા પહેલાં મને મૌત કેમ ન આવ્યું? અઝાદારો! જનાબે કાસિમની કેવી હાલત થઈ ગઈ હતી તે હું શું અરજ કરૂં? જરા દિલ ઉપર હાથ રાખી લ્યો કે, જયારે આપે ભત્રીજાની લાશ ઉપાડી ત્યારે શહેઝાદાનું સર આપના સરની બરાબર હતું. અરે! છાતી સાથે છાતી લાગેલી હતી, પગ ઝમીન ઉપર લટકી રહ્યા હતા. અરે બાર તેર વરસના બચ્ચાની લાશ આટલી લાંબી કેમ થઈ ગઈ? તેનું કારણ એ છે કે ઘોડાની ટાપોથી આપનું જિસ્મે મુબારક ટુકડે ટુકડા થઈ ગયું હતું.


જયારે જનાબે કાસિમ (અલય્હિસ્સલામ)ની લાશ ખૈમામાં આવી ત્યારે સયદાનીઓની અજબ હાલત હતી. ખુદા કોઈ માઁને દુનિયામાં આવા નાના બચ્ચાની લાશ એવી રીતે ન દેખાડે કે જેવી રીતે માદરે કાસિમ (અલય્હિસ્સલામ)મે જોઈ. ખયમામાં "વા કાસિમાહો, વા કાસિમાહોની અવાઝ બુલંદ થઈ. આસમાન અને ઝમીન ઉમ્મે ફરવાની દર્દનાક ફર્યાદથી ધ્રુજી રહ્યા હતા. અરે, દુખિયારી બેવા માઁ પામાલ લાશને છાતી સાથે લગાડતી હતી અને હાથ હલાવીને કહેતી હતી કે : બેટા કાસિમ! કેવી નિંદમાં સુઈ રહ્યા છો. અરે, તમારી દુખિયારી માં પુકારે છે પણ તમો જાગતા નથી. બેટા કાસિમ! હું કરબલામાં લૂટાઈ ગઈ. અરે! મારી આશાઓ ખાકમાં મળી ગઈ. અય મારા ચાંદ! તને કોની નઝર લાગી. અરે હજુ મારો લાલ પુરી રીતે પરવાન ચડયો ન હતો કે, મૌતે તેને ઝડપી લીધો. હાય! કાશ દુખિયા માં આંધળી હતે અને તારી આ ઘોડાની ટાપોથી પામાલ લાશને ન જોતે. અરે! કેવા એ સંગદિલ હતા કે તારા જેવા નાઝનીનના બદન ઉપર ઘોડાઓ દોડાવ્યા! આહ! મને એ ખબર ન હતી કે, એક દિવસ એવો આવશે કે મારો બાગ કરબલાના મેદાનમાં ઝુલ્મો સિતમની તલવારથી કાપવામાં આવશે.

***અલા લાઅનતુલ્લાહે અલલ કવમિઝ્ઝાલેમીન.***


## વાંચવા લાયક કિતાબો





**અહવાલે કરબલા**
લેખક: ...
અનુવાદક: ...
પી.ડી.એફ. ડાઉનલોડ



**હકીમુલ મિલ્લત**
લેખક: ...
અનુવાદક: ...
પી.ડી.એફ. ડાઉનલોડ




**કસસુલ ઓલમા**
લેખક: મર્હુમ અલ્લામા હાજી નાજી સાહેબ
અનુવાદક:
પી.ડી.એફ. ડાઉનલોડ




**કસસુલ અંબિયા**
લેખક: બરકતઅલી ટી. નાયાણી
અનુવાદક: હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ
પી.ડી.એફ. ડાઉનલોડ

©2012 Haji Naji Memorial Trust, Bhavnagar - All Rights Reserved | Credits : Impero IT Services